# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/ક્વા-03/૨૦૨૦-૨૧/૦૯ તા.૧૧.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૦/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી હરી ઓમ ઈન્ડ.એસ્ટેટ યુનિટ ધારકો તથા નૈનિષ બ્રાસ ઈન્ડ. ગામ – કનસુમરા (જામનગર)

સબડીવીઝન: નગરસીમ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૨

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: મંગળવાર (૨૯.૧૨.૨૦૨૦)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, રોયલ ફીડર કોડ નંબર-૫૫ માં માઈક્રો મેન્યુફેક્ચરિંગ યુનિટો આવેલ છે. અને આ ફિડર માં દિવસ દરમિયાન અવારનવાર પાવર કાપવામાં આવે છે. જેથી કરી ને યુનિટ ધારકો ને કારીગરો નું મેન્ટેનન્સ વધી જાય છે અને યુનિટ ધારકો ને અશક્ય બોજ નું ભારણ આવી જાય છે. જેથી કરી ને આ મંદી ના સમય માં યુનિટ ધારકો પરેશાન છે. જેની રજૂઆત છેલ્લા ૧ વર્ષ થી જામનગર ની લોકલ ઓફિસ માં વારંવાર ફરિયાદ કરેલ છે.જેનું આજ દિવસ સુધી તેનું કોઈ નિરાકરણ આવેલ નથી.આ કોરણોસર અમારી પાસે બીજો વિકલ્પ ન હોવાથી હવે અમો ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,જુનાગઢ પાસે ફરિયાદ કરવા મજબુર થયા છીએ. આપ સાહેબશ્રી ને નમ્ર વિનતી સાથે અમારી ફરિયાદ નું જેમ બને તેમ નિવારણ કરીને અમારા

મેન્યુફેક્ચરિંગ યુનિટ માં વીજ પાવર કટ થવાને કારણે થતાં નુકશાન અટકાવવા માટે આ વિકટ પ્રશ્ન નો નિવારણ લાવવા નમ્ર વિનતી.આ પ્રશ્નો નો ઉકેલ લાવી આપશો એવી તમામ યુનિટ ધારકો ની અપેક્ષા.અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી ની રજુઆત મુજબ જણાવવાનું કે અરજદાર હરી ઓમ ઈન્ડ.એસ્ટેટ ના યુનિટ ધારકો દ્વારા ફોરમ સમક્ષ તા.૨૮.૧૧.૨૦૨૦ ના રોજ ફરિયાદ અરજી કરેલ છે.

૨.૧ સદરહુ ગ્રાહકશ્રી દ્વારા તેઓ ની રજુઆતનાં આધારે અત્રેની પેટા વિભાગીય કચેરી કક્ષાએથી તેમની રજુઆત મુજબ આ વિસ્તાર માં અવાર નવાર વીજ પાવર બંધ અન્વયે નિરાકરણ કરાતા હવે, અરજદારની વીજ પાવર વારંવાર જવા બાબતની રજુઆતનું નિરાકરણ થયેલ છે.

૨.૨ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની પેટા વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ- ૧૯.૧૨.૨૦૨૦ નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની નગરસીમ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ નગરસીમ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૯.૧૨.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએ થી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન